


# અભિનેતા આમિરખાન પાસેથી શીખવા જેવી બાબતો...

**વર્તમાન યુવાપેઢી ફિલ્મોની ચાહક છે. હિન્દી સિનેજગતમાં એવા કેટલાક અભિનેતાઓ છે કે જેમની પાસેથી જીવનોપયોગી હોય એવું કશુંક નવું શીખી શકાય એમ છે. અને એટલે આ લેખમાં પણ આવા જ એક અભિનેતા આમિરખાન વિશે વાત કરવામાં આવી છે.**

**અમિત ચૌહાણ** . aarpar@gmail.com

વર્તમાન યુવાપેઢી ફિલ્મોની ચાહક છે. હિન્દી સિનેજગતમાં એવા કેટલાક અભિનેતાઓ છે કે જેમની પાસેથી જીવનોપયોગી હોય એવું કશુંક નવું શીખી શકાય એમ છે. અને એટલે આ લેખમાં પણ આવા જ એક અભિનેતા આમિરખાન વિશે વાત કરવામાં આવી છે. આમિરની ઓળખ એક મલ્ટિટેલેન્ટેડ પર્સનાલિટી તરીકે કરી શકાય. 'કયામત સે કયામત તક'ના આમિરખાનને જુઓ અને હાલમાં આવેલી ફિલ્મ 'દંગલ'માં આમિરખાનનો લૂક જુઓ તો ખબર પડશે કે સમયના પટ પર જેમ જેમ વર્ષો પસાર થતા ગયા તેમ તેમ તેમની ફિલ્મોના કન્સેપ્ટસ અને એમનો ખુદનો લૂક પણ બદલાતો ગયો. અલબત્ત આ એક અનિવાર્ય પરિવર્તન કહી શકાય.જે વિશેષ રીતે આ ક્ષેત્રમાં જરૂરી છે. ખેર,આપણે સૌ વધતા ઓછા અંશે ફિલ્મોના ચાહક છીએ. કોઈ એક વખતે આખી શેરી કે ફળિયામાં માત્ર એક જ પરિવારને ત્યાં ટી.વી. હોય એવી પરિસ્થિતિથી

આપણે સાવ અજાણ નથી. આજે લોકો હાથમાં સ્માર્ટફોન લઇને ફરતા થઇ ગયા છે.મલ્ટિમિડિયા આપણા પોકેટમાં સમાઇ ગયું છે.વિન્ડોઝ મિડિયા પ્લેયર હવે હાથવગું થઇ જતાં આપણે ટ્રેનમાં,બસમાં કે બગીચામાં બાંકડે બેઠાબેઠા આપણા મનગમતા અભિનેતા -અભિનેત્રીઓની ફિલ્મો, એમના ઇન્ટરવ્યૂ અને ઓડિયો - વિડિયો ફિલ્મીગીતોની મજા માણી શકીએ છીએ.

અલબત્ત હવે જરૂર છે કે આપણે સૌ આ લોકો પાસેથી કંઇક શીખવાની દૃષ્ટિ કે નજરિયો વિકસાવીએ. આમિર ને આપણે એક શ્રેષ્ઠ અભિનેતા,નિર્માતા અને પ્રોડ્યુસરના રૂપમાં ઓળખીએ છીએ. તાજેતરમાં જ તેમણે એક સામયિકને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે તેઓ સ્વયંને સુંદર માને છે. અને કેમ ન માને! કોઇ એક લેખકે તો એટલે સુધી લખ્યું છે કે માણસનો પ્રથમ પ્રેમ એની પોતાની જાત સાથેનો હોવો જોઇએ. એ ન્યાયે આમિરનું વિચારવું કે માનવું વાજબી છે. પોતાની જાતને તેઓ બહુ પહેલેથી સુંદર માનતા આવ્યા છે. તેમણે જ્યારે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પદાર્પણ કર્યું ત્યારથી તેઓ પોતાની જાતને ખુશનસીબ માને છે. યાદ કરો એ ગીત કે જેમાં તેઓ ગાય છે કે 'પાપા કહતે હૈ બડા નામ કરેંગા.....' આજે તેમણે ખરા અર્થમાં મોટું નામ કરી દીધું છે.તેમને પુછાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ એક ખૂબ જ જિજ્ઞાસુ વ્યકિત છે. સ્વયં રસપ્રદ વ્યકિત હોવાનું પણ તેઓ ઉમેરે છે.તેમને હંમેશાં લોકો રસપ્રદ લાગ્યા છે.આવી બધી બાબતો એક જ વ્યક્તિમાં હોવી એ સારું કહેવાય.

આપણે આપણી આસપાસ વસતા લોકોનું ધ્યાનથી નિરીક્ષણ કરશો તો જણાશે કે બહુ ઓછા એવા લોકો છે કે જેમનામાં જિજ્ઞાસાવૃત્તિ હોય. આમિરને લોકો રસપ્રદ લાગ્યા છે.લોકોના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણવાની તેમની ખેવના છે.લોકોના વિચારો કેવા છે તે જાણવા તેઓ પ્રયત્ન કરે છે.

અનુભવ કરવામાં માનનારા અને હરહંમેશ પ્રયોગવાદી માણસ બની કામ કરતા આ ૫૧ વર્ષીય આમિરખાન જિંદગીને ભરપટ્ટે અને સંપૂર્ણ કહી શકાય એ રીતે જીવવા અને માણવા માગે છે.

ખેર,કોઇ એક વખતે અમદાવાદમાં 'ફિલ્મ કેવી રીતે જોવી?' એ વિષય પર કાર્યશાળા રાખવામાં આવી હતી. ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ હેઠળ આ કાર્યશાળા યોજવામાં આવી હતી. જોકે અમુક સંજોગોને લઇને હું તેમાં ભાગ લઇ શક્યો નહોતો. જો એમાં ભાગ લેવાની તક મળી હોત તો ફિલ્મો કેવી રીતે જોવી એ વિશે કશુંક ને કશુંક તો જાણવા -શીખવા મળ્યું હોત! કહેવાનો અર્થ એ જ છે કે ફિલ્મો જોવાનો રસ બહુધા લોકોમાં વધતા ઓછા અંશે હોય જ છે પરંતુ જે તે ફિલ્મ જોવાની યોગ્ય દૃષ્ટિ હજી ઘણા ખરા લોકોએ કેળવી નથી. વળી આપણી આસપાસ વસતા માણસો અને ફિલ્મોમાં કામ કરતા માણસો પાસેથી પણ કશુંક શીખી શકાય છે એ વિભાવના બહુ જૂજ લોકોમાં જોવા મળે છે.

હાલમાં તમે થિએટરમાં ફિલ્મ જોવા જાવ છો તો લગભગ દોઢસોથી બસો રૂપિયાની એક જણની ટિકિટ થાય છે. અઢીથી ત્રણ કલાકનો ફિલ્મનો રનિંગ ટાઇમ હોય છે. આપણા દોઢસો રૂપિયા ફિલ્મ પાછળ ખર્ચાયા છે અને ત્રણ કલાકનો સમય આપણે ફાળવ્યો છે. આ વાસ્તવિકતા છે. અને હવે આખી બાજી આમ જુઓ તો આપણા હાથમાં જ છે.ફિલ્મ માત્ર જોવા માટે જોઇ લેવી કે પછી એમાંથી સારગ્રહણ કરવો? તમારે નક્કી કરવાનું છે. જો ફિલ્મ જોવા જઇએ તો ચોક્કસ માઇન્ડસેટ સાથે જઇએ તો આપણે કશુંક મેળવીને થિએટરની બહાર નીકળીશું. ખેર, હવે થોડી વાત



આમિરની ફિલ્મ સ્ક્રિપ્ટની પસંદગી કેવી રીતે થાય છે કે ચયન કેવી રીતે કરવામાં આવે છે એ વિશે કરીએ. એવું કહેવાય છે કે ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ કરવાના કામમાં આમિરખાન સચોટ હથોટી ધરાવે છે. 'થ્રી ઇડિયટ્સ'નો દાખલો લઇએ. આ ફિલ્મને એવોર્ડ મળ્યો હતો. બોક્સ ઓફિસ પર આ ફિલ્મ હિટ નીવડી હતી. સ્ક્રિપ્ટ પસંદ કરવા પાછળ આમિરની કઇ ફોર્મ્યુલા કે રહસ્ય હશે એવો જો કોઇને સવાલ થાય તો એનો જવાબ એ છે કે તેઓ ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચ્યા કરતાં સાંભળવાને વધારે પ્રાધાન્ય આપે છે. આમ કરીને તેઓ જે તે ફિલ્મને ડાયરેક્ટરની આંખે જોવા માગે છે. અને જુએ છે પણ ખરા. જાણી લો કે જ્યારે આમિરખાન પહેલી વખત સ્ક્રિપ્ટ સાંભળી રહ્યા હોય છે ત્યારે તેઓ થિએટરમાં બેસીને ફિલ્મ જોઇ રહેલા દર્શકો -પ્રેક્ષકો જેવા હોય છે.

આમિરને જો ફિલ્મની સ્ક્રિપ્ટ સ્પર્શી જાય, તેમને જો તે ફિલ્મની સ્ક્રિપ્ટના સંવાદો અસરકારક લાગે તો તેઓ તે કરવા ઇચ્છે છે.હા, એવું બની શકે કે ઘણી વખત તેઓ ડાયરેક્ટર કે પ્રોડ્યુસરને જે તે સ્ક્રિપ્ટ મામલે જવાબ આપવામાં વાર લગાડે કે વિલંબ કરે પરંતુ તેઓ તેમનો ફિલ્મ પર કામ કરવું કે ન કરવું એ અંગેનો નિર્ણય તૈયારીમાં લઇ લે છે.એટલે ત્વરિત નિર્ણયશક્તિનો ગુણ તેમનામાં છે એવું બેશક કહી શકાય.

ફિલ્મ 'લગાન'ની વાત કરીએ તો કહેવું પડે કે એમને એ સ્ક્રિપ્ટ એમને બેહદ પસંદ પડી હતી.જેમનું કામ એમને ગમ્યું હતું એવા વીતેલા જમાનાના ફિલ્મ નિર્માતાઓ વિશે વિચારવાનું એમણે ચાલુ રાખ્યું હતું.એમને મહેબૂબ ખાન ,શાંતારામ,ગુરુદત્ત,કે. આસિફ,રાજકપૂર વગેરેનું કામ ગમે છે. આમિર ખુદ જણાવે છે કે આ લોકો હંમેશાં તેમના દિલને અનુસરીને કાર્ય કરતા હતા.આમિરે એમના મમ્મી પપ્પા અને રીનાને 'લગાન'ની સ્ક્રિપ્ટ સાંભળવા બોલાવ્યા હતા. આશુતોષ જ્યારે 'લગાન' ફિલ્મનું વર્ણન કરતા હતા ત્યારે આમિર તેમના ચહેરા પર જોઇ રહ્યા હતા. અને એ વખતે એ એવું અવલોકન કરતા હતા કે સ્ક્રિપ્ટ ખરેખર જામે એવી છે કે નહીં. આ બધુ જોયા પછી તેમણે ફિલ્મ માટે 'હા' પાડી દીધી હતી.

દરેક વ્યકિત પર અનેકવિધ સેલિબ્રિટીનો પ્રભાવ રહેવાનો. એ ન્યાયે આમિરખાનની વાત કરીએ તો કહેવું પડે કે એમની ઉપર એમના મમ્મીનો સારો એવો પ્રભાવ કે અસર જોવા મળે છે. 'સત્યમેવ જયતે' શોના ડાયરેક્ટર સત્યજીત ભટકલનો પણ એમના પર ખૂબ પ્રભાવ રહ્યો છે.જ્યારે તેઓ શૂટિંગમાં હોય છે ત્યારે તેઓ કેરેક્ટર બની જાય છે. આ એમની એકાગ્રતા છે.સરેરાશ માણસને શું વિચારે છે તો કહે એ જ્યારે કાર્યાલયમાં હોય ત્યારે તેને ઘરના વિચારો આવે છે. મોંઘાં શાકભાજીના વિચાર આવે છે.પણ જે કામમાં પૂરેપૂરું પરોવાઇ જવાનું છે તે ઘણા લોકોને સૂઝતું નથી. અને એટલે પછી સફળતા આપણાથી જોજનો દૂર ચાલી જાય છે.

ખેર, અહીં તો ફક્ત બોલિવૂડના એક જાણીતા અભિનેતા આમિરખાન વિશે વાત કરી છે.એવી ઘણી હસ્તીઓ સમાજમાં છે અને ઇવન બોલિવૂડમાં પણ છે કે જેમના જીવનમાંથી કશુંક સારું ગોતી કાઢવા જેવું હોય છે.ક્રિકેટર હોય કે વકીલ, એન્જિનિયર હોય કે ડોક્ટર, દરેક પાસે કશુંક નવીન તો હોય જ છે. મોટાભાગના લોકો હસ્તી કે સેલિબ્રિટીને જોવા ખાતર જોતા હોય છે.એમનું કાર્ય જોવું, કાર્ય કરવાની રીત જોવી, કામ પ્રત્યેનો સમર્પણ ભાવ તપાસવો. આ બધું ખરેખર મહત્ત્વનું છે. જોકે આ બધું કામ ભારે જહેમત માગી લેનારું છે પણ કરવા જેવું કામ છે. ફિલ્મ નિર્માણ કરનારા એમનું કામ કર્યે જાય છે.એમાં અભિનય કરનારાઓ પણ અભિનય કર્યે જાય છે.રહી વાત પ્રેક્ષકોની તો એ તો મોબાઇલમાં કે થિએટરમાં ફિલ્મ જુએ છે.પરંતુ શીખવાની વાત આવે છે ત્યારે મોટાભાગના લોકો નન્નો ભણે છે. આ માટે ભારે જહેમત ઉઠાવવી પડતી હોય છે.